વર્ષ ૨૦૨૦-૨૧ નવી બાબત

વાડી યોજનાના અમલીકરણ બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: VKY-2020-72-P

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૭/૦૨/૨૦૨૧

**વંચાણે લીધા** :-

(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ગાંધીનગરનો તા.૨૩/૦૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:VKY/2018/2664/DSAG/202-204.

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ગાંધીનગરનો તા.૧૪/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:VKY/2020/2693/ડી-સેગ/523.

**પ્રસ્તાવના** :-

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ) દ્વારા આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ ખેડૂતોની આવક વધે અને તેમનુ જીવનધોરણ ઉંચુ આવે તે હેતુસર આદિજાતિ લોકો માટે પરંપરાગત ખેતીથી અલગ રીતે વાડી યોજનાના અમલીકરણ કરવામાં આવતા તેમની ઉપલબ્ધ જમીનનો મહતમ ઉપયોગ કરી આવકમાં વૃધ્ધિ થતા જીવનધોરણમાં પણ સુધારો થયેલ છે તથા ભુતકાળના પરીણામોને ધ્યાને લઈ આ યોજના આદિજાતિ ખેડૂતોને સારી આવક મળી રહે અને તેમનું જીવન ધોરણ ઉંચુ લાવવાની દ્રષ્ટિએ ઘણી સફળ રહેલ છે.

ઉપરોક્ત યોજના હેઠળ ગુજરાત રાજ્યના આદિજાતિ જિલ્લાઓમાં ફળાઉ ઝાડ(કેરી-લીંબુ-બોર અને જામફળના રોપાઓ તથા તેને લગતી જરૂરી ખાતર અને તાલીમ આપી કુલ ૧૮૦૦ હેક્ટરમાં ૩૭૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવશે જેથી આદિજાતિ ખેડૂતોના પરિવારોનો સામાજિક અને આર્થિક ઉત્કર્ષ થશે. ઉક્ત યોજનાનું અમલીકરણ કરવા બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબતે રૂ.૧૦૦૦.૦૦/-લાખ (અંકે રૂપિયા દસ કરોડ પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૨૦-૨૧ માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ ખેડૂતોની આવક વધે અને તેમનુ

જીવનધોરણ ઉંચુ આવે તે હેતુથી “વાડી યોજના” અંગેની ચાલુ વર્ષમાં શરૂ કરવાની નવી બાબત માટે વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૧૦૦૦.૦૦/-લાખ (અંકે રૂપિયા દસ કરોડ પૂરા) ની જોગવાઈને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતોઃ-</u>**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી.સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખત્તની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ નાં અંદાજપત્રમાં માંગણી ક્રમાંક : ૯૬ આયોજન, મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદરઃ કોમ્યુનીટી આધારિત સંસ્થાનો અનાવર્તક ખર્ચ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઈમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અ.મુ.સ.શ્રી. નાણાં વિભાગની તા.૦૫/૦૨/૨૦૨૧ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આઈ.ઠક્કર)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રી. નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.) કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦ એ ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.